| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૦૭/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખઃ– | ૦૭/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખઃ– | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૧ | ૨૫ |
| **આંકઃ–** | **૧૩** | | |

**મે.રાજકોટના પાંચમા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, રાજકોટ.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૩૬૬/૨૦૨૬</u>**

**અરજદારઃ** **૧.** **મોહમ્મદ ઉવૈસ,**
ઉ.વ.૨૭, ધંધો–
રહેવાસીઃ૨–૧૦૬, નેરોલ થડકા હાઉસ,
સર્વે પોસ્ટ., જિ.દક્ષીણા કન્નડા, કર્ણાટક.

**૨.** **અબ્દુલ લતીફ નૈનથારમ વીટલ,**
ઉ.વ.૫૯, ધંધો–
રહેવાસીઃ કેરલા.

**૩.** **સહાનાબાનુ નૈનથારમ વીટલ,**
ઉ.વ.૨૫, ધંધો–
રહેવાસીઃ કેરલા.

**૪.** **ઈમુલ હસના,**
ઉ.વ.૩૧,
રહેવાસીઃ નૈનથારમ, કેરલા.

**વિરુદ્ધ**

**સામાવાળાઃ** શ્રી સરકાર.

***<u>બાબતઃ</u>*** ***બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૨***
***<u>હેઠળ આગોતરા જામીન મેળવવાની અરજી.</u>***

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી સોમ્યા દ્વિવેદી

સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી પી.એન.શાહ

-// <u>ઠ રા વ</u> //-

(૧) અરજી વંચાણે લીધી. તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તેમજ તપાસના કાગળો વંચાણે લીધા. અરજદાર તથા સામાવાળા તરફે લંબાણપૂર્વકની દલીલો સાંભળી.

(૨) આ કામે અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી **સોમ્યા દ્વિવેદીએ** અરજીમાં તેમજ પોતાની દલીલોમાં એવું જણાવેલ છે કે, રાજકોટ શહેરના ગાંધીગ્રામ-૨(યુનિ.) પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૫૧૧૯૯/૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪), ૩(૫) મુજબના ગુનાનો આક્ષેપ છે અને તે ગુનાના કામે અરજદારોની ધરપકડ થવાની દહેશત રહેલી છે તેથી હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં અરજદારો તરફેની જામીન અરજીમાં જણાવેલ છે કે, ફરિયાદી "K.M. Immigration Consultant" નામે ઈમિગ્રેશન કન્સલ્ટન્સી વ્યવસાય ચલાવે છે. એફ.આઈ.આર.માં કરાયેલ આરોપો મુજબ, ફરિયાદીએ સ્લોવાકિયા/યુરોપ માટે વર્ક પરમિટ વિઝા અને વિવિધ ઉમેદવારોને રોજગારની તક ઉપલબ્ધ કરાવવા સંબંધિત કામ Aramfly Private Limited ને સોંપ્યું હતું, જેના અરજદારો ડિરેક્ટર્સ છે. વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ફરિયાદીએ બેંક ટ્રાન્સફર તેમજ રોકડ દ્વારા વિવિધ રકમો ચુકવી હતી, અને ત્યારબાદ વિઝા પ્રાપ્ત કરવામાં આવ્યા નહોતા, જેના કારણે છેતરપીંડી તથા વિશ્વાસઘાતના આરોપો લગાવવામા આવ્યા છે. અરજદાર નંબર ૪, Aramfly Private Limited ના સ્વતંત્ર નિર્દેશક (Independent Director) છે અને તેઓ કંપનીના દૈનિક કારોબાર, સંચાલન, નાણાકીય લેવડદેવડ, ભરતી પ્રક્રિયા અથવા કરારના અમલીકરણ સાથે સંકળાયેલા નથી. અરજદાર નં.૪ નિયમિત વ્યાપારી નિર્ણયો માં ભાગ લેતા નથી તથા વાટાઘાટો, રકમની સ્વીકાર, વિઝા પ્રક્રિયા અથવા ફરિયાદી સાથેના વ્યવહારોમાં તેમનો કોઈ ભાગ નથી. એફ.આઈ.આર.માં અરજદાર નં. ૪ વિરુદ્ધ કોઈ વિશિષ્ટ ભૂમિકા અથવા દુષિત મનોદશા (mens rea) દર્શાવવામાં આવી નથી. તેથી અરજદાર નં. ૪ની સંડોવણી માત્ર હોદ્દાને આધારે કરવામાં આવેલ છે. જે કાયદામાં ગ્રાહ્ય નથી.

(૨.૧) વધુમાં જામીન અરજીમાં જણાવેલ છે કે, K.M. Immigration Consultant અને Aramfly Private Limited વચ્ચે સમજૂતી કરાર (Memorandum of Understanding – MOU) કરવામાં આવ્યો હતો, જેના દ્વારા મુખ્ય–એજન્ટ (Principal–Agent) સંબંધ સ્થાપિત થયો હતો. ઉક્ત MOU મુજબ:

- પ્રતિ ઉમેદવાર રૂ. ૪,૨૦,૦૦૦/–ની રકમ નક્કી કરવામાં આવી હતી;
- ઉમેદવારની પસંદગી, ચુકવણીની શરતો, કાર્યક્ષેત્ર (scope of work), સમયમર્યાદા તથા રિફંડ નીતિ અંગે સ્પષ્ટ પ્રક્રિયા નક્કી કરવામાં આવી હતી;
- બંને પક્ષોની જવાબદારીઓ સ્પષ્ટપણે નિર્ધારિત કરવામાં આવી હતી.

ઉક્ત MOU પોતે જ દર્શાવે છે કે સમગ્ર વ્યવહાર વ્યાપારી, કરારાધીન અને પારદર્શક સ્વરૂપનો હતો અને બંને પક્ષો દ્વારા પરસ્પર સંમત લેખિત શરતો હેઠળ સંચાલિત હતો. Aramfly Pvt. Ltd. અને K.M. Immigration Consultancy વચ્ચે થયેલ ઉપરોક્ત MOU ની નકલ રજુ રાખેલ છે. K.M. Immigration Consultant દ્વારા તેના ગ્રાહકો પાસેથી Aramfly Pvt. Ltd. દ્વારા વસુલ કરવામાં આવેલી ફી અંગે કોઈ વિવાદ દર્શાવવામાં આવ્યો નથી. તેમ છતાં, ફરિયાદીએ ખોટી રીતે આક્ષેપ કર્યો છે કે અરજદારોને કુલ રૂ. ૨,૬૮,૨૮,૪૦૦/–ની રકમ ચુકવવામાં આવી હતી, જે આક્ષેપ સંપૂર્ણપણે વધારેલો, બનાવટી અને કોઈપણ આધારભૂત પુરાવા કે સાબિતી વિના કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે ફરિયાદીએ લાખો રૂપિયાની રોકડ લેવડદેવડના નિરાધાર અને સર્વસામાન્ય આક્ષેપો કર્યા છે, જે મુજબ આ રકમ Aramfly Pvt. Ltd.ને ચુકવવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. પરંતુ, એફ.આઈ.આર.માં દર્શાવેલ તારીખોએ કંપનીના કોઈપણ ડિરેક્ટર અમદાવાદ ખાતે હાજર હતા નથી. તેમજ, આવા આક્ષેપોને સમર્થન આપવા માટે કોઈ રસીદ, સ્વીકારપત્ર (acknowledgment), સાક્ષી નિવેદન, CCTV ફૂટેજ, હિસાબી એન્ટ્રી અથવા અન્ય કોઈ નોંધ/દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યો નથી. કોઈ વ્યાવસાયિક કન્સલ્ટન્સી સંસ્થા દ્વારા એટલી વિશાળ રકમ રોકડમાં, કોઈપણ નાણાકીય ટ્રેલ વિના ચુકવવામાં આવી હોય તે બાબત સ્વીકાર્ય અને વિશ્વસનીય નથી. આવા આક્ષેપો પોતે જ ફરિયાદની સત્યતા તથા વિશ્વસનીયતા અંગે ગંભીર શંકા ઊભી કરે છે. MOU મુજબ K.M. Immigration Consultant દ્વારા ઉમેદવારોના સંપૂર્ણ અને યોગ્ય દસ્તાવેજો નિર્ધારિત સમયમર્યાદામાં રજૂ કરવાની ફરજ હતી, જે ફરિયાદી નિષ્ફળ રહ્યા છે. પરિણામે અરજદાર કંપની ભરતી પ્રક્રિયા તથા વર્ક પરમિટની

કાર્યવાહી આગળ વધારી શકી નથી. વધુમાં જણાવવામાં આવેલ છે કે ફરિયાદીની વારંવાર કરારભંગ અને માનહાનિકારક કૃત્યોને કારણે Aramfly Private Limited દ્વારા તા. ૨૩/૧૦/૨૦૨૫ના રોજ કન્સલ્ટન્સીને કાનૂની નોટિસ પાઠવવામાં આવી હતી. ત્યારબાદ જ હાલની એફ.આઈ.આર. નોંધવામાં આવી છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે આ એફ.આઈ.આર. પ્રતિશોધરૂપ (counterblast) છે અને અરજદારો પર દબાણ લાવવા તેમજ તેમને હેરાન કરવા માટે દાખલ કરવામાં આવી છે. ઉપરોક્ત નોટિસની નકલ રજુ રાખવામાં આવેલ છે.

**(૨.૨)** વધુમાં અરજદાર તરફેની જામીન અરજીમાં જણાવવામાં આવેલ છે કે, સંબંધિત સમયગાળા દરમિયાન સ્લોવાકિયા સરકારની ઈમિગ્રેશન નીતિમાં ફેરફાર થયો હતો, જે અરજદાર કંપનીના સંપૂર્ણ નિયંત્રણની બહારનો વિષય હતો. તેમ છતાં, અરજદાર કંપનીએ સદ્‌ભાવપૂર્વક (bona fide) નીચે મુજબ કામગીરી કરી હતી:

- વૈકલ્પિક વર્ક પરમિટ વિકલ્પો પ્રદાન કર્યા હતા; અને
- MOU મુજબ મંજૂર કાપણીઓ બાદ રિફંડ પ્રક્રિયા કરવા માટે તૈયારી દર્શાવી હતી.

Aramfly Private Limited એ MOU માં નિર્ધારિત શરતો મુજબ તેને સોંપવામાં આવેલ કાર્ય પૂર્ણ કર્યું હતું અને તે અંગે K.M. Immigration ને ઈમેઈલ દ્વારા જાણ કરી હતી, જેમાં સંબંધિત નોકરી પ્રોફાઈલ્સ, ફળોના સ્કેનિંગ અને પેકેજિંગ તેમજ ડ્રાય ફ્રૂટ્સના ઉત્પાદન સંબંધિત બે MOU ની નકલો, તેમજ K.M. Immigration દ્વારા Aramfly Private Limited ને કરવામાં આવેલ ચુકવણીની ઈન્વોઈસ અને રસીદો સામેલ કરવામાં આવી હતી. ઉપરોક્ત MOU ઓ અને રસીદો અહીં સાથે એનેક્સર–ઈ રજુ કરેલ છે. ફરિયાદીએ જાણપૂર્વક એક સંપૂર્ણપણે સીવીલ અને કરારાધીન વિવાદને ફોજદારી સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે, જે કાનૂન મુજબ માન્ય નથી. ફરિયાદીએ કરાર કરતી વખતે પોતાના ગુનાહીત ભુતકાળ અંગે અરજદારો પાસેથી જાણપૂર્વક માહિતી છુપાવી હતી. નોંધનીય છે કે K.M. Immigration ની માલિક ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલ છે અને તેમના વિરુદ્ધ નીચે મુજબ બે એફ.આઈ.આર. નોંધાયેલ છે:

(i) એફ.આઈ.આર. નં. ૧૧૨૧૮૦૧૦૨૫૦, તા. ૧૮/૦૬/૨૦૨૫, ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન, જિલ્લા પોરબંદર ખાતે નોંધાયેલ, જેમાં IPC ની કલમ ૪૦૬, ૪૨૦ તથા ૧૧૪ હેઠળના ગુનાઓનો સમાવેશ થાય છે; અને

(ii) એફ.આઈ.આર. નં. ૧૧૧૯૬૦૪૧૨૫૦, અકોટા પોલીસ સ્ટેશન, જિલ્લા વડોદરા ખાતે નોંધાયેલ, જેમાં BNSS ની કલમ ૩૧૬(૨) તથા ૩૧૮(૪) હેઠળના

ગુનાઓનો સમાવેશ થાય છે.

ફરિયાદીની ઉપરોક્ત ગુનાઓ સંબંધે ધરપકડ કરવામાં આવી હતી અને આશરે ૬૦ દિવસ સુધી કસ્ટડીમાં રાખવામાં આવી હતી. ત્યારબાદ મુક્તિ મેળવ્યા પછી, સ્પષ્ટ દુરુદ્દેશ્ય સાથે ફરિયાદીએ હાલની એફ.આઈ.આર. નોંધાવી અરજદારોને ખોટી રીતે ફસાવ્યા છે. ઉપરોક્ત એફ.આઈ.આર.ની નકલો અહીં સાથે એનેક્સર–એફ રજુ રાખેલ છે. BNSS ની કલમ ૩૧૮ હેઠળના ગુનામાં આવશ્યક તત્વ તરીકે વ્યવહારના પ્રારંભ સમયે દુર્ભાવનાપૂર્વકની (dishonest) મનોદશા હોવી આવશ્યક છે. હાલની ફરિયાદ પોતે જ નીચેની બાબતો દર્શાવે છે:

- સતત સંચાર (continuous communication);
- આંશિક કામગીરી (partial performance);
- વૈકલ્પિક પ્રસ્તાવો (alternate proposals);
- રિફંડ આપવા માટેની તૈયારી (willingness to refund).

ઉપરોક્ત તમામ પરિસ્થિતિઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે વ્યવહારના પ્રારંભ સમયે અથવા ત્યારબાદ કોઈપણ તબક્કે ગુનાહિત ઈરાદો અસ્તિત્વમાં નહોતો.

**(૨.૩)** વધુમાં અરજદારોની આગોતરા જામીન અરજીમાં જણાવેલ છે કે Shailesh Kumar Singh Alias Shailesh R. Singh v. State of Uttar Pradesh & Ors (2025) કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે BNSS ની કલમ ૩૧૮ હેઠળ છેતરપીંડીનો ગુનો સ્થાપિત કરવા માટે પ્રારંભથી જ છેતરવાના ઈરાદાનો પ્રાથમિક દ્રષ્ટિએ પુરાવો હોવો આવશ્યક છે અને માત્ર સીવીલ વિવાદને ફોજદારી કેસમાં રૂપાંતરિત કરી શકાય નહીં. અદાલતે આ પણ નોંધ્યું કે ફરિયાદીએ વસુલાત માટે દાવો (civil suit) અથવા અન્ય કાનૂની કાર્યવાહી હાથ ધરી નહોતી. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે: "નાણાં વસુલ કરવા માટે, ખાસ કરીને જ્યારે પક્ષો વચ્ચે સીવીલ વિવાદ હોય, ત્યારે એફ.આઈ.આર. નોંધાવીને પોલીસની મદદ લેવી યોગ્ય નથી." વધુમાં Radheyshyam and Others v. State of Rajasthan and Another (2024) કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે: "એફ.આઈ.આર. માત્ર દબાણ લાવવાનું સાધન (arm–twisting mechanism) તરીકે પ્રતિત થાય છે, જેથી અરજદારોને વેચાણ દસ્તાવેજ (Sale Deed) અમલમાં મૂકવા અથવા રકમ મેળવવા માટે મજબૂર કરી શકાય. દરેક સીવીલ વિવાદને ફોજદારી વિવાદમાં પરિવર્તિત કરી શકાય નહીં." અરજદારો વિરુદ્ધ કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ નથી અને હાલના કેસમાં પણ અરજદારોની કોઈ ગુનાહિત ભૂમિકા દર્શાવવામાં આવી નથી.અરજદાર નં. ૩

ગર્ભવતી સ્ત્રી છે અને આ તબક્કે તેમની ધરપકડ કરવી અતિ કઠોર, અન્યાયપૂર્ણ તથા માનવતા, ગૌરવ અને સ્થાપિત ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો વિરુદ્ધ છે. અરજદારો પૈકી કોઈપણ વ્યક્તિ ફરાર થવાની, પુરાવા સાથે છેડછાડ કરવાની અથવા સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતા અંગે કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નથી. ગર્ભવતી સ્ત્રીની ધરપકડ થવાથી અપૂરણીય શારીરિક અને માનસિક આઘાત સર્જાઈ શકે છે તેમજ ગર્ભસ્થ બાળકના આરોગ્યને જોખમ થાય છે, જે બાબત આ માનનીય અદાલત દ્વારા સર્વોચ્ચ મહત્વની ગણવી યોગ્ય છે. સંબંધિત તબીબી દસ્તાવેજ અહીં સાથે એનેક્સર–જી રજુ કરેલ છે. અરજદારો કાયદાનું પાલન કરતા નાગરિકો છે અને “Aramfly Private Limited” નામે સદ્ભાવપૂર્વક વ્યવસાય ચલાવે છે, જે કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ના જોગવાઈઓ હેઠળ યોગ્ય રીતે નોંધાયેલ છે. કંપની પાસે ઈન્કોર્પોરેશન સર્ટિફિકેટ તથા GST નોંધણી છે અને ભારત સરકાર તથા વિદેશ મંત્રાલય દ્વારા માન્યતા/પ્રમાણન પ્રાપ્ત છે, જે અરજદારોના કાયદેસર વર્તન અને વિશ્વસનીયતા દર્શાવે છે. ઉપરોક્ત દસ્તાવેજો એનેક્સર–એચ રજુ રાખવામાં આવેલ છે.

(૨.૪) અરજદારો હજી પણ ફરિયાદી દ્વારા કરાર મુજબની ફરજોનું પાલન કરવામાં આવે તો પોતાની કરારાધીન ફરજો નિભાવવા તૈયાર અને ઇચ્છુક છે અથવા વૈકલ્પિક રીતે કાયદેસર કપાતો બાદ રકમ પરત કરવા તૈયાર છે, જે તેમની સદ્ભાવનાને વધુ મજબૂત બનાવે છે. તેઓ તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા તૈયાર છે અને જો આગોતરા જામીન મંજૂર કરવામાં આવે તો તેની સ્વતંત્રતાનો કોઈ દુરુપયોગ કરશે નહીં. અરજદારો નામ. કોર્ટ દ્વારા લાદવામાં આવનારી તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને સંમત છે. ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, અરજદારો પાસે આ નામ. કોર્ટનો દરવાજો ખખડાવવો સિવાય અન્ય કોઈ વિકલ્પ ઉપાય ઉપલબ્ધ નથી. વધુમાં જણાવેલ છે કે સમગ્ર કેસ દસ્તાવેજ આધારિત છે, જેમાં બેંક સ્ટેટમેન્ટ્સ, ઈમેઈલ્સ, MOU તથા પત્રવ્યવહારનો સમાવેશ થાય છે. અરજદારો પાસેથી કોઈ વસુલાત કરવાની નથી, તેથી કસ્ટોડિયલ પૂછપરછ (custodial interrogation) જરૂરી કે યોગ્ય નથી. અરજદારો કાયદાનું પાલન કરતા નાગરિકો છે, તેમનો સ્થાયી નિવાસ અને વ્યવસાય સ્થળ છે અને તેઓ તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપે છે. આ તબક્કે ધરપકડ કરવી એ ટ્રાયલ પૂર્વ સજા સમાન છે અને કાનૂની પ્રક્રિયાનો ગંભીર દુરુપયોગ ગણાશે. તેવા સંજોગોમાં આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં તેના દ્વારા રજુ થયેલ ઓથોરીટીઓ ધ્યાને લેવા જણાવેલ છે.

જે નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

1. RIKHAB BIRANI AND ANOTHER VS. STATE OF UP –2005.
2. DELHI RACE CLUB(1940) LIMITED VS. STATE OF UP– 2004
3. KUNTI AND ANOTHER VS. STATE OF UP –2023
4. MONIKA VS. STATE OF HP– 2021
5. TEJAS LALIT SONI BS. STATE OF MAHARASTRA AND ANOTHER –2025

**(૩)** સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી. શ્રી પી.એન.શાહ હાજર હોય અને તપાસના કાગળો તથા આંક–૯ થી ત.ક.અમલદારે સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદ હકીકત મુજબ આ કામે ફરીયાદીશ્રી "કે.એમ.ઇમીગ્રેશન કન્સલટન્સી'' રહે.૧૦૦૯, ૧૦ મો માળ, ધ વન વર્લ્ડ, બી બીલ્ડીંગ, અયોધ્યા ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે ઓફીસ ધરાવી વીઝા કન્સલટન્સીનુ કામકાજ કરતા હોય અને આ કામે ફરીયાદીશ્રીએ પોતાના કુલ–૫૫ ગ્રાહકોને સ્લોવાકીયા દેશમાં વર્ક પરમીટ(વીઝા) પર મોકલવા માટે આરોપીઓની "આમર્ફલાય પ્રાઇવેટ લીમીટેડ'' કંપનીને કામ આપેલ હોય અને તે કામ કરવા માટે ફરીયાદીશ્રીએ પોતાની "કે.એમ.ઇમીગ્રેશન કન્સલટન્સી'' ના AXIS બેંક ખાતા નંબર 923020054497210 માંથી આરોપીઓને રૂા.૧,૬૧,૦૨,૪૧૧/– બેંક મારફતે ટ્રાન્સફર કરેલું હોય તેમજ આરોપીઓ ફરીયાદીની ઓફીસ ખાતે રૂબરૂ આવી ઉપરોકત કામ સબબ રોકડા રૂા.૯૩,૬૬,૩૦૦/– લઇ ગયેલ હોય તેમજ કરીયાદીશ્રીએ પોતાના ગ્રાહકોનું કામ કરવા આરોપીઓને બેંક મારફતે રૂા.૧૩,૫૦,૭૬૯/– આપી એમ કુલ મળી **રૂા.૨,૬૮,૨૮,૪૦૦/–** આરોપીઓએ કરીયાદીશ્રી પાસેથી મેળવી લઈ આરોપીઓએ ફરીયાદીશ્રીના ગ્રાહકોને સ્લોવાકીયા દેશની વર્ક પરમીટ(વીઝા) નહી કરાવી આપી તેમજ

રૂપિયા પરત નહી આપી ફરીયાદીશ્રી સાથે છેતરપીંડી કરી ગુન્હો કરવામા એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ છે. આ કામે ફરીયાદી દ્વારા સૌપ્રથમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીને સંબોધીને આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધમાં એક લેખીત અરજી કરેલ હોય જે અરજીની તપાસ થવા સારૂ રાજકોટ શહેર આર્થિક ગુન્હા નિવારણ શાખાને સોંપવામાં આવતા CPAP અરજી નંબર ૧૨૫/૨૦૨૫ તા.૧૩/૧૧/૨૦૨૫ થી રજીસ્ટર થયેલ અને સદરહુ અરજીની તપાસ સૌપ્રથમ અત્રેની શાખાના એ.એસ.આઇ. વિરમભાઇ ધગલ દ્વારા કરવામાં આવેલ છે. ઉપરોકત અરજી તપાસના કામે એ.એસ.આઇ. વિરમભાઇ ધગલ દ્વારા ફરીયાદીની પુછપરછ કરી નિવેદન લેવામાં આવેલ છે. તેમજ ગુનાહીત જણાય આવેલ હોય જેથી ફરીયાદી દ્વારા અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ પોતાની ફરીયાદ જાહેર કરતા અરજદાર/આરોપીઓ વિરૂધ્ધમાં રાજકોટ શહેર ગાંધીગ્રામ–૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૦૩ ૨૫૧૧૯૯/૨૦૨૫ બી.એન.એસ. કલમ કલમ –૩૧૮(૪),૩(૫) મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ઉપરોકત ગુન્હાની તપાસના કામે પણ અરજદાર/આરોપીઓને બી.એન.એસ.એસ. કાયદાની કલમ ૩૫(૩) મુજબ નોટીશ તૈયાર કરી તેઓના સ્થાનીક સરનામે સુદાગુંટાપાલીયા પોલીસ સ્ટેશન બૈગલોરૂ શહેર (કર્ણાટક) ખાતે "આમર્ફલાય પ્રાઇવેટ લીમીટેડ" કંપનીના ડાયરેકટ અરજદાર આરોપી નં(૧) મોહમદ ઉવૈશ સન/ઓ અબ્દુલ સથારને નોટીસની બજવણી કરવામા આવેલ હતી. તેમજ કંપીના ડાયરેકટ તરીકે અન્ય અરજદાર/આરોપી (૨) સહાનાબાનુ ડો/ઓ અબ્દુલ લતીફ (૩) ઇમુલ હસના વા/ઓ સફીક ને બજવણી કરવામા આવેલ હોય તેમજ અરજદાર/આરોપી અબ્દુલ લતીફને નોટીસની બજવણી થયેલ નથી અને આમ ઉપરોકત અરજદાર/આરોપીને નોટીસની બજવણી થયેલ જે બાબતે સુદાગુંટાપાલીયા પોલીસ સ્ટેશન બૈગલોરૂ શહેર (કર્ણાટક) ખાતે તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ જનરલ/ડાયરીમાં નોંધ કરાવેલ છે. આમ, હાલના અરજદાર/આરોપીઓ તપાસમાં સાથ સહકાર આપેલ નથી. બાદ

અરજદાર/આરોપીઓને નોટીસની બજવણી થયેલ હોય તેમ છતા પોતે તપાસમા સહકાર આપેલ ના હોય અને કોઈપણ પ્રકારની અત્રેની કચેરી ખાતે જાણ કરેલ ના હોય બાદમા અરજદાર/આરોપી નં(૧) મોહમદ ઉવૈશ સન/ઓ અબ્દુલ સથારના રહેણાંક મકાને બી.એન.એસ.એસ. કાયદાની કલમ ૩૫(૩) મુજબ નોટીશ બજવણી કરતા પોતે હાજર મળેલ ના હોય જેથી તેમના ભાઈ મોહમ્મદ અનશને નોટીસની બજવણી કરવામા આવેલ છે જે બાબતે તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ પુટુર રૂરલ પોલીસ સ્ટેશન જી.દક્ષિણ કનાડા (કર્ણાટકા) ખાતે જનરલ ડાયરીમાં નોંધ કરાવેલ છેતેમજ અરજદાર/આરોપી (૨) અબ્દુલ લતીફ સ/ઓફ એનીકુટી હાજી તથા નં(૩) સહાનાબાનુ ડો/ઓ અબ્દુલ લતીફ રહેણાંક મકાને બી.એન.એસ.એસ. કાયદાની કલમ ૩૫(૩) મુજબ નોટીશ બજવણી કરતા પોતે હાજર મળેલ ના હોય જેથી તેમના નં(૨) ના પત્ની તથા નં(૩) માતા સુલેખા વા/ઓ અબ્દુલ લતીફને નોટીસની બજવણી કરવામા આવેલ છે જે બાબતે તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ પરમપંગડી પોલીસ સ્ટેશન જી.મલાપુરમ (કેરલ) ખાતે જનરલ ડાયરીમાં નોંધ કરાવેલ છે તેમજ અરજદાર/આરોપી નં(૪) ઈમુલ હસના વા/ઓ સફીક રહેણાંક મકાને બી.એન.એસ.એસ. કાયદાની કલમ ૩૫(૩) મુજબ નોટીશ બજવણી કરતા પોતે હાજર મળેલ ના હોય જેથી તેમના પતી સફીક સ/ઓ અલીને નોટીસની બજવણી કરવામા આવેલ છે જે બાબતે તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ મેલાટુર પોલીસ સ્ટેશન જી.મલાપુરમ (કેરલ) ખાતે જનરલ ડાયરીમાં નોંધ કરાવેલ છે.

**(૩.૧)** આમ ગુનાની તપાસ દરમ્યાન કુલ-૪૧ (એકતાલીસ) ભોગબનનારના નીવેદનો લેવામા આવેલ છે તેમજ હાલમા પણ ભોગબનનારની સંખ્યામા વધારો થઇ શકે છે અને આ કામના અરજદાર/આરોપીઓની કંપની “આમર્ફલાય પ્રાઈવેટ લીમીટેડ"બેન્ક એકાઉન્ટ નં.923020063784235 ના ખાતામાં રૂપિયા ૮૫,૫૦,૦૦૦/-

તેમજ ખાતા નં. 107505004435 ના ખાતામા રૂ૦ ૨૯,૫૦,૦૦૦/- તેમજ ખાતા નં.3550693281 રૂ૦ ૧૨,૨૫,૪૮૦/- તેમજ અરજદાર/આરોપીની “અરામીન ફુડ કંપની" ખાતા નં.58305008083 મા રૂ.૩,૧૦,૦૦૦/- ફરીયાદીના બેંક ખાતામાથી ટ્રાન્સફર થયેલ છે. અરજદાર/આરોપી (૧)મોહમ્મદ ઉવૈસ રહે.કર્ણાટક ના વાળાના બેંક ખાતા નં.50100358740186 મા રૂ.૨૧,૦૦,૦૦૦/- તેમજ (૨)સહાનાબાનુ નૈનથારમ વીટલ રહે.કેરલા વાળીના બેંક ખાતા નં.0134120001150 માં રૂ૦ ૫,૦૦,૦૦0/- તેમજ ખાતા મા નં. 50100562667559 અરજદાર/આરોપી (૩)ઈમુલ સહાના ૨૦,૦૦,૦૦૦/-તેમજ રહે. કેરલા વાળાને યુ.પી.આઇ.ડી. 9633353377 રૂ૦ ૧,૭૦,૦૦૦/- ગુગલ પે થી ફરીયાદી ટ્રાન્સફર કરેલ છે. આમ ફરીયાદીએ અરજદાર/આરોપીની કંપનીઓ તથા પોતાના પર્સનલ બેંક ખાતામા કુલ રૂ૦ ૧,૭૮,૦૮,૪૮૦/- મેળવેલ હોવાનુ તપાસ દરમીયાન જણાઈ આવેલ છે. તેમજ ફરીયાદીથી પાસેથી આંગડીયા મારફતે તેમજ અરજદાર/આરોપીઓએ મેળવેલ છે. રોકડા રૂ૦ ૮૦,૧૮,૮૨૦/- આમ અરજદાર/આરોપીઓને બી.એન.એસ.એસ. કાયદાની કલમ ૩૫(૩) મુજબ નોટીશ બજવણી થઇ ગયેલ હોય તેમ છતા પોતે તપાસમાં સાથ સહકાર આપેલ નથી કે અમોને લેખીતમાં કોઇ પણ પ્રકારની જાણ કરવામા આવેલ નથી. આ કામે ફરીયાદીએ જુદા-જુદા ગ્રાહકોને સ્લોવાકીયા દેશમાં વર્ક પરમીટ(વીઝા) આપવા માટે મોકલી પર અરજદાર/આરોપીની કંપની મારફતે મોકલવાના હોય જેથી ફરીયાદીએ અરજદાર/આરોપીઓની કંપનીમા તેમજ આંગડીયા પેઢી તેમજ રોકડા રૂ૦ ૨,૬૮,૨૮,૪૦૦/- આપેલ હોય જે અરજદાર/આરોપીઓ કોઈ પણ ગ્રાહકને વિદેશમા જવાના વર્ક પરમીટ નહી આપી ફરીયાદીના રૂપિયા ઓળવી ગયેલ છે. આ કામે ફરીયાદીએ ગ્રાહકોને સ્લોવાકીયા દેશમાં વર્ક પરમીટ(વીઝા) પર મોકલી આપવા માટે ટ્રાન્સફર કરેલ રૂપીયા માંથી અરજદાર /આરોપીઓએ મોટી રકમ પોતાના અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરેલ અને પોતાના અંગત ઉપયોગમાં લીધેલ હોવાનુ બેંક સ્ટેટમેન્ટ

પરથી જણાય આવેલ છે. આ કામે ફરીયાદી દ્વારા પોતાની ફરીયાદ જાહેર કરતા અરજદાર/આરોપીઓ વિરૂધ્ધમાં ઉપરોકત મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે અને સદરહુ ગુન્હાની તપાસના કામે પણ અરજદાર/આરોપીઓને અત્રેની કચેરી ખાતે જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેવા બી.એન.એસ.એસ. કાયદાની કલમ ૩૫ મુજબની તેઓના રહેણાંક મકાન ખાતે બજવણી અર્થે જતા પોતે હાજર ન હોય જેથી તેઓના પરીવારના સભ્યોને નોટીશની બજવણી કરવામા આવેલ છે. આ કામે અરજદાર/આરોપીઓની કંપની "આમર્ફલાય પ્રાઈવેટ લીમીટેડ"બેન્ક એકાઉન્ટ નં.923020063784235 ના ખાતામા રૂપિયા ૮૫,૫૦,૦૦0/- તેમજ ખાતા નં.107505004435 ના ખાતામાં રૂ.૨૯,૫૦,000/- તેમજ ખાતા નં.3550693281 રૂ.૧૨,૨૫,૪૮૦/- તેમજ અરજદાર/આરોપીની "અરામીન કુડ કંપની ખાતા નં. 58305008083 માં રૂ૦ ૧૦,૦૦૦/- ફરીયાદીના બેંક ખાતામાંથી ટ્રાન્સફર થયેલ હોવાનુ તપાસ દરમીયાન જણાઇ આવેલ છે. વાળાના બેંકમાં આ કામના અરજદાર/આરોપી (૧)મોહમ્મદ ઉવૈસ રહે.કર્ણાટક નં. 50100358740186 ખાતા રૂ૦ ૨૧,૦૦,૦૦૦/- તેમજ (૨)સહાનાબાનુ નૈનથારમ વીટલ રહે.કેરલા વાળીનુ બેંક ખાતા નં.0134120001150 માં રૂ.૫,૦૦,૦૦૦/- તેમજ ખાતા નં.50100562667559 મા ૨૦,૦૦,૦૦૦/- તેમજ અરજદાર/આરોપી (૩)ઇમુલ સહાના રહે.કેરલા વાળાને યુ.પી.આઇ.ડી.9633353377 રૂ૦ ૧,૭૦,૦૦૦/-ગુગલ પે થી ફરીયાદી ટ્રાન્સફર કરેલ છે.આમ ફરીયાદીએ અરજદાર/આરોપીની કંપનીઓ તથા પોતાના પર્સનલ બેંક ખાતામા કુલ રૂ૦ ૧,૭૮,૦૮,૪૮૦/- મેળવેલ હોવાનુ તપાસ દરમીયાન જણાઈ આવેલ છે.

**(૩.૨)** આ કામના અરજદાર/આરોપીઓના આગોતરા જામીન મંજુર કરવામાં આવ્યે અરજદાર/આરોપીઓ દ્વારા હાલના ગુન્હાના ફરીયાદી તથા સાહેદોને લોભ લાલચ કે ધાક ધમકી આપી ફોડી નાખી કેસને ગંભીર નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શકયતા છે. આ કામના અરજદાર/આરોપીઓના

આગોતરા જામીન મંજુર કરવામાં આવ્યે અરજદાર/આરોપીઓ ગુજરાત રાજય બહાર બેગલુરૂ તથા કેરલના વતની હોય અને વિદેશ નાશી ભાગી જઇ ટ્રાયલ વખતે હાજર ન રહે અને ટ્રાયલ વિલંબ માં પડે તેવી શકયતા છે. આ કામના અરજદાર/આરોપીઓ આગોતરા જામીન ઉપર છુટી આવાજ પ્રકારના ગુન્હા કરવાની શકયતાને નકારી શકાય નહી. જેથી ઉપરોકત મુદાઓ ધ્યાને લઇ અરજદાર/આરોપીઓની આગોતરા જામીન અરજી ના–મંજુર કરવા આપ નામદાર કોર્ટને નમ્ર વિનંતી છે.

(૪) પક્ષકારોના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની રજૂ આતો, આંક– ૦૩ ના લીસ્ટથી રજૂ થયેલ દસ્તાવેજો, પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે અને ધ્યાને લીધું. આ કામે એફ.આઈ.આર.માં હાલના આરોપીઓના નામ છે. આ કામના આરોપીઓને નોટીસ બજાવેલ છે, તેમ છતાં તેઓએ તપાસમાં સાથ સહકાર આપેલ નથી. એફ.આઈ.આર. જોવામાં આવે તો ફરિયાદીની કંપનીએ જાન્યુ.૨૦૨૪ થી વર્ક પરમીટ વીઝા અંગેની કામગીરી શરૂ કરેલી. આરોપીઓની કંપની ઈમીગ્રેશન કન્સલટન્ટ તરીકે કામ કરે છે. એક ઉમેદવાર દીઠ રૂ. ૪,૨૦,૦૦૦/– સ્લોવાકીયાના ૩ મહીનામાં વીઝા આપી દેવાની વાત કરેલી. તા.૦૧/૦૫/૨૦૨૪ થી તા. ૨૭/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન ૬૦ જેટલા ગ્રાહકોને સ્લોવાકીયા દેશમાં વર્કપરમીટ પર મોકલવા માટેનું આર્મફ્લાય પ્રા.લી. કંપનીને કામ આપેલુ હતુ. ઉમેદવારોના દસ્તાવેજો મોકલેલા હતા. ફરિયાદીની કંપનીએ બેંક મારફત તેમજ રોકડામાં તા.૦૧/૦૫/૨૦૨૪ થી તા. ૧૯/૦૬/૨૦૨૪ સુધીમાં આરોપીઓના અલગ અલગ બેંક ખાતામાં રકમ પણ ટ્રાન્સફર કરેલી હતી તેમજ રોકડા પણ આપેલા હતા. ૬૦ ઉમેદવારો માંથી ૦૫ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી રદ કરાવેલી અને ૫૫ ઉમેદવારો માટેની કામગીરી કરવાની હતી.

(૪.૧) આરોપીઓના જણાવ્યા મુજબની રકમ ચુકવી આપેલી, પરંતુ

તેઓ વીઝા સબમીશનની કોઈ તારીખ આપતા ન હોય ઉમેદવારોની વર્ક પરમીટનું કામ રદ કરવાનો ફરિયાદીએ ઈમેઈલ મોકલેલો. જેથી તેઓએ ઉમેદવાર દીઠ વધુ રૂ૦ ૧,૩૦,૦૦૦/- માંગેલા. ઉમેદવારો રૂપિયા આપવા તૈયાર થયેલા હતા અને તા.૨૧/૦૨/૨૦૨૫ થી તા.૦૬/૦૩/૨૦૨૫ સુધીમાં રૂ૦ ૧૮,૦૦,૦૦૦/- ફરિયાદીએ ઉમેદવાર પાસેથી મેળવી આરોપીઓની કંપનીને મોકલાવેલા હતા. આમ, કુલ રૂ૦ ૨,૬૮,૨૮,૪૮૦/- કુલ ૫૫ ઉમેદવારોએ સ્લોવાકીયા દેશ ખાતે વર્ક પરમીટનું કામ કરાવવા માટે આરોપીઓની કંપનીને આપેલા હતા. ત્યારબાદ આરોપીઓની કંપનીની બેંગ્લોર ખાતેની ઓફીસ ખાતે ફરિયાદીને બોલાવેલ અને જણાવેલ કે, પોતાને બી.એલ.એસ. કચેરીમાં ઓળખાણ છે જેથી દરેક ઉમેદવારોના વીઝા સબમીશન કરાવી આપશે. પરંતુ તા. ૦૨/૦૬/૨૦૨૫ ના રોજ ફરિયાદીના ઉમેદવારોને વીઝા સબમીશન કરાવી આપેલ નથી. આરોપીઓની કંપની ફરિયાદીના ઉમેદવારોને સ્લોવાકીયા દેશના વર્કપરમીટ અપાવી શકે તેમ નથી. ત્યારબાદ જણાવેલ કે રશીયા ખાતેની વર્ક પરમીટ એક અઠવાડીયામાં થઈ જશે અને તમામને રશીયા મોકલી આપશે. જેથી ૫૫ ઉમેદવારો પૈકી ૦૯ ઉમેદવારો રશીયા જવા માટે તૈયાર થયેલા. રશીયા જવા માટેનો ખર્ચ ફક્ત ૨,૦૦,૦૦૦/- જેટલો થતો હોય પરંતુ આરોપીઓની કંપની દ્વારા રૂ૦ ૬,૫૦,૦૦૦/- નો ખર્ચ જણાવી ખોટી હકીકતો જણાવી ૦૯ ઉમેદવારોને રશીયાના વીઝા મોકલી આપેલ. પરંતુ તેઓને ત્યાં જવા માટેની કોઈ વ્યવસ્થા કરી આપેલ નહીં અને આ નવે નવ ઉમેદવારોના રશીયાના વીઝા કરાવી આપેલ તેની છેલ્લી તારીખ ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ ગયેલ.

**(૪.૨)** ત્યારબાદ આરોપીઓની કંપની દ્વારા ફરિયાદીની જાણ બહાર તેમના ઉમેદવારોનો સંપર્ક કરી એર ટીકીટ આપવાના બહાને તા. ૨૩/૦૯/૨૦૨૫ ના રોજ દિલ્હી ખાતે બોલાવેલ પરંતુ એર ટીકીટ કરાવી આપેલ નહીં અને ઉમેદવારો ઘરે પરત આવતા રહેલા.

(૫) આમ, એફ.આઈ.આર. તથા ત.ક.અમલદારનું સોગંદનામુ ધ્યાને લેતા આ કામે કુલ ૫૫ ઉમેદવારો ભોગ બનેલા છે. તેમના ૩ વર્ષથી રૂ० ૨,૬૮,૨૮,૪૮૦/– ની રકમ આરોપીઓએ મેળવેલ છે અને આજદિન સુધી તેમનું કોઈ કામ કરી આપેલ નથી કે તેમના પૈસા રીફન્ડ આપેલ નથી. આ કામે ત.ક.અમલદાર દ્વારા પોલીસ પેપર્સ જોતા ફરિયાદીના બેંક ખાતામાંથી આરોપીઓના બેંક ખાતામાં ગયેલા રૂપીયાની વિગતો રજુ કરેલ છે. ફરિયાદી હાજર હોય મુળ ફરિયાદીએ જણાવેલ છે કે તેણીએ બે વાર આરોપીઓની કંપની ઉપર જઈને રોકડમાં રૂપિયા તેમજ આંગડીયા મારફતે પણ રૂપિયા મોકલાવેલ છે. એફ.આઈ.આર. થયા પહેલા જ આરોપીઓની આ કંપની બંધ થઈ ગયેલાનું મુળ ફરિયાદીએ જણાવેલ છે. આરોપીઓને બી.એન.એસ.ની કલમ મુજબની નોટીસ બજી ગયેલ છે. આરોપીઓ લાંબા સમયથી નાસતા ભાગતા ફરે છે. તપાસમાં સાથ સહકાર આપેલ નથી. આ કામે અરજદાર/આરોપીઓના વિ.વકીલશ્રી દ્વારા નામ. કોર્ટ રૂબરૂ રીફન્ડ આપવાની તૈયારી બતાવેલી અને અત્રેની કોર્ટ દ્વારા તેમને તમામ ઉમેદવારોની રીફન્ડની રકમ અંગેનું સ્ટેટમેન્ટ રજુ કરવા જણાવેલુ, પરંતુ આરોપીઓ તરફે માત્ર રીફન્ડ કરવાની વાત કરેલ છે પરંતુ ઉમેદવારોને તેમની રકમ રીફન્ડ કરવાની કોઈ તૈયારી દર્શાવેલ નથી. આમ, આરોપીઓની વર્તણૂંક જોતા આ કામે કુલ ૫૫ ભોગબનનાર ઉમેદવારો છે. જેમના રૂ० ૨,૬૮,૨૮,૪૦૦/– જેટલી માતબર રકમ ૩ વર્ષ ઉપરાંતનો સમયગાળો થયા છતાં પણ આરોપીઓએ પરત આપેલ નથી અને ઉમેદવારોનું કોઈ કામ પણ કરી આપવામાં આવેલ નથી. આરોપીઓ કેરલ તેમજ કર્ણાટક રાજ્યના છે. જો આરોપીઓને જામીન આપવામાં આવશે તો ૫૫ જેટલા ભોગબનનાર ઉમેદવારોની રકમ પરત મેળવવાની શક્યતા નહિંવત થઈ જશે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા પણ પોતાની દલીલોના સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટનું સી.એસ.પ્રસાદ વિરૂદ્ધ સત્યકુમાર એન્ડ અધર્સ, ક્રીમી.અપીલ નં. ૧૪૦/૨૦૨૬ ના ચુકાદા પર આધાર રાખેલ છે. તેમજ **નામ. સુપ્રીમ કોર્ટનું રાકેશ મિત્તલ** વિરૂદ્ધ અજયપાલ ગુપ્તા, ક્રીમી. અપીલ નં. ૧૯૭૦૮/૨૦૨૫,

નો ચુકાદો રજુ રાખેલ છે અને તેના  પેરા નં.૧૯ ઉપર આધાર રાખેલ છે જે નીચે મુજબ રજુ કરવામાં આવે છે.

> "**19.** Though the observations made in some of the above cases were in the context of heinous offences, which is not the case presently, we may note that the value of life and liberty of members of society is not limited only to their 'person' but would also extend to the quality of their life, including their economic well-being. In offences of a pecuniary nature, where innocent people are cheated of their hard-earned monies by conmen, who make it their life's pursuit to exploit and feast upon the gullibility of others, the aforestated factors must necessarily be weighed while dealing with the alleged offenders' pleas for grant of bail."

આમ, ત.ક.અમલદારનું સોગંદનામુ, ફરિયાદ, બન્ને પક્ષોની રજૂઆત ધ્યાને લેતા હાલનો ગુનો આર્થિક પ્રકારનો ગુનો છે. કુલ ૫૫ ભોગબનનાર ઉમેદવાર છે. ખુબજ મોટી રકમ ઉમેદવારો પાસેથી મેળવી ફરિયાદી તથા તેમની સાથે છેતરપીંડી કરેલ છે. **આ કામના તમામ ઉમેદવારોએ પોતાના નિવેદન આપેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર/આરોપીઓએ આજદિન સુધી તેમના રૂપિયા પરત આપેલા નથી કે કોઈ દેશમાં વર્ક વીઝાની પરમીટ પણ આપેલ નથી.** તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ છે. દરેક આરોપીઓના પર્સનલ બેંક એકાઉન્ટમાં પણ રૂપિયા ગયેલા છે. આરોપીઓને નોટીસ બજેલ હોવા છતાં તપાસમાં સાથ સહકાર આપેલ નથી. આરોપીઓ નાસતા ભાગતા ફરે છે. તેઓની જે કંપની છે તે કંપની ફરિયાદ થયા પહેલા જ બંધ થઈ ગયેલ છે. ફરિયાદ હકીકત જોતા ૫૫ ભોગબનનાર ઉમેદવારોની પોતાની મહેનતની કમાણીના રૂપિયા આરોપીઓ તેમની પાસેથી લઈને બેઠેલા છે.  આરોપીઓ બહારના રાજ્યના છે. તપાસમાં સાથ સહકાર આપેલ નથી. **કોર્ટ સમક્ષ પણ રીફન્ડની રકમ ચુકવવાની તૈયારી દર્શાવેલ નથી અને લાંબા સમય સુધી જામીન અરજીનું તે જ કારણસર હિયરીંગ કરવામાં આવેલ નથી.** તેવા

સંજોગોમાં હાલના તમામ અરજદાર/આરોપીઓ સામે પ્રથમદર્શનીય મજબૂત કેસ જણાઈ આવતો હોય, આર્થિક પ્રકારનો ગુનો હોય, નામ. સુપ્રીમ કોર્ટનો ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા તેમજ ઉપરોક્ત જણાવેલ કારણોસર અરજદારોને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું ન્યાયી તેમજ ઉચિત જણાતું ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

**–// <u>હુકમ</u> //–**

(૧) આ કામના અરજદાર/આરોપીઓ નં. **૧. મોહમ્મદ ઉવૈસ,** ઉ.વ.૨૭, રહેવાસીઃ૨–૧૦૬, નેરોલ થડકા હાઉસ, સર્વે પોસ્ટ., જિ.દક્ષીણા કન્નડા, કર્ણાટક, આરોપી નં. **૨. અબ્દુલ લતીફ નૈનથારમ વીટલ,**ઉ.વ.૫૯, રહેવાસીઃ કેરલા, આરોપી નં. **૩.સહાનાબાનુ નૈનથારમ વીટલ,**ઉ.વ.૨૫, રહેવાસીઃ કેરલા તેમજ આરોપી નં. **૪. ઈમુલ હસના,** ઉ.વ.૩૧, રહેવાસીઃ નૈનથારમ, કેરલા વાળાઓની રાજકોટ શહેરના ગાંધીગ્રામ–૨(યુનિ.) પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૫૧૧૯૯/૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪), ૩(૫) મુજબના ગુનાના કામની બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૨ અન્વયેની ઓગોતરા જામીન મેળવવા માટેની પ્રસ્તુત ફોજદારી પરચુ. અરજી નં. **૩૬૬/૨૦૨૬** આથી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) આ હુકમ અંગે સંબંધકર્તા પોલીસ સ્ટેશનને તેમજ સંબંધિત અદાલતને યાદી કરવી.

હુકમ આજરોજ તારીખઃ **૦૨જી** માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬.
સ્થળઃ રાજકોટ.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
પાંચમા એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.